પત્રક ભાગ-૩

પંદરમી ગુજરાત વિધાનસભા

# બુધવાર, તા.૧લી જુલાઇ, ૨૦૨૬

## ૩૯૨.જાહેર હિસાબ સમિતિની બેઠકોઃ-

જાહેર હિસાબ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૯/૦૬/૨૦૨૬ના રોજ મળી હતી. ઉક્ત બેઠકમાં સમિતિએ જળસંપત્તિ પ્રભાગને સંબંધિત સન ૨૦૧૬-૧૭ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તથા સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર)ના ફકરાઓની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો તથા ભલામણો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

જાહેર હિસાબ સમિતિની બેઠક બુધવાર, તા.૧૦/૦૬/૨૦૨૬ના રોજ મળી હતી. ઉક્ત બેઠકમાં સમિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓનો વિભાગને સંબંધિત સન ૨૦૧૬-૧૭ના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર)ના ફકરાઓની તથા મત્સ્યોદ્યોગ પ્રભાગને સંબંધિત સન ૨૦૧૬-૧૭ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો તથા ભલામણો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**